# ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ (GCAS)

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

## શૈક્ષણિક વર્ષ 2026-2027



# "અરજી એક... વિકલ્પ અનેક..."



**ધો. 12 પછી રાજ્યની વિવિધ સરકારી યુનિવર્સિટીઓ તથા તેમને સંલગ્ન સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો અને GCAS સાથે જોડાયેલી ખાનગી યુનિવર્સિટીઓમાં B.A., B.Com., B.Sc. વગેરે જેવા 100થી વધુ અભ્યાસક્રમોમાં GCAS પોર્ટલ મારફત પ્રવેશ મળશે.**



## સ્નાતક (UG) કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૬-૨૭નું સમયપત્રક

| પ્રવેશનો તબક્કો | તારીખ |
|---|---|
| રજિસ્ટ્રેશન રાઉન્ડ–૧ | તા.૦૭.૦૫.૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાક થી તા.૨૮.૦૫.૨૦૨૬ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી |
| પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ-૧ | તા. ૦૨.૦૬.૨૦૨૬ થી તા. ૦૬.૦૬.૨૦૨૬ |
| પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ-૨ | તા. ૧૦.૦૬.૨૦૨૬ થી તા. ૧૩.૦૬.૨૦૨૬ |
| પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ-૩ | તા. ૧૭.૦૬.૨૦૨૬ થી તા. ૨૦.૦૬.૨૦૨૬ |
| પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ-૪ | તા. ૨૪.૦૬.૨૦૨૬ થી તા. ૨૯.૦૬.૨૦૨૬ |

## ધો. 12 પછી ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા GCAS પોર્ટલ પર નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવા

1. પ્રવેશ માટે **ઓનલાઈન** અથવા નજીકના **ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરની** જરૂરી ઓરીજનલ ડોક્યુમેન્ટ્સ સાથે મુલાકાત લઇ અરજી કરવી.
2. **પ્રેફરન્સ ભરી અને ડોક્યુમેન્ટ્સ** અપલોડ કરવા.
3. **કૉલેજ-યુનિવર્સિટી દ્વારા** પોર્ટલ પર મૂકવામાં આવેલ પ્રવેશયાદી ચકાસવી.
4. **વિદ્યાર્થીએ પ્રવેશયાદી મુજબ ઓફર ચેક કરી** નિયત સમયમાં ઓનલાઈન પ્રવેશ કન્ફર્મ કરવો.
5. **કૉલેજ કે યુનિવર્સિટી વિભાગ ખાતે** નિયત સમયમાં રિપોર્ટ કરી OTP દ્વારા પ્રવેશ કન્ફર્મ કરાવવો.

**GCAS મારફત ઓનલાઈન અરજી કરવા માટે તમારા નજીકના GCAS ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર/હેલ્પસેન્ટર પર સંપર્ક કરો અથવા QR કોડ સ્કેન કરો:**

**QR કોડ**

(https://gcas.gujgov.edu.in)

**WhatsApp QR**

તાજી માહિતી મેળવા GCAS WhatsApp ચેનલ પર જોડાઓ.



**GCAS AI એજન્ટ હેલ્પલાઇન**

+91 7969799680

**GCAS ઈન્સ્ટાગ્રામ**

gcas_official



# પ્રવેશ પ્રક્રિયા માટે મહત્ત્વની સૂચનાઓ - GCAS પોર્ટલ

**પ્રિય વિદ્યાર્થીઓ, આગામી શૈક્ષણિક વર્ષ 2026-2027 માટેના પ્રવેશ ફોર્મ ભરવા માટે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખશો**

## 1 ફોર્મ ભરવા માટે:

વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમના નજીકના GCAS ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર / GCAS હેલ્પ સેન્ટર પર જઈને ફોર્મ ભરે. આવા કેન્દ્રોની યાદી, તેમના હેલ્પલાઇન નંબર અને સમયની વિગતો **GCAS** પોર્ટલ પર ઉપલબ્ધ છે.

## 2 રજિસ્ટ્રેશન:

સૌ પ્રથમ 'ક્વિક રજિસ્ટ્રેશન' (Quick Registration) કરવું ફરજિયાત છે, તે પછી જ વિદ્યાર્થી લોગ-ઈન કરીને સંપૂર્ણ ફોર્મ ભરી શકશે.

## 3 સંપર્ક વિગતો:

રજિસ્ટ્રેશન સમયે વિદ્યાર્થીએ ફક્ત પોતાનો જ મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી આપવો. આ મોબાઇલ નંબર પર વોટ્સએપ મેસેજ અને SMS મોકલવામાં આવશે.

## 4 પસંદગી ક્રમ (Preferences):

ફોર્મમાં કૉલેજ/યુનિવર્સિટીની પસંદગી (Preferences) ખૂબ જ ધ્યાનપૂર્વક ભરવી. એકવાર કોઈ કૉલેજમાંથી પ્રવેશની ઓફર મળે, તો તે પસંદગી ક્રમની નીચેના તમામ પસંદગી ક્રમ સિસ્ટમ દ્વારા આપમેળે રદ (Deactivate) થઈ જશે. (ઉદાહરણ તરીકે: જો તમે 10 પસંદગીઓ આપી હોય અને ચોથા નંબરની કૉલેજમાં ઓફર મળે, તો 5 થી 10 નંબરની પસંદગીઓ આગળના રાઉન્ડ માટે નીકળી જશે.)

## 5 નો રિપીટ (No Repeat) વિકલ્પ:

વિદ્યાર્થીને એક જ કૉલેજ/યુનિવર્સિટીમાંથી વારંવાર એક જ પ્રવેશની ઓફર પ્રાપ્ત થશે નહીં. પરંતુ જો વિદ્યાર્થી **GCAS** શિડ્યુલ મુજબ પોતાના પ્રેફરન્સમાં ફેરફાર કરે, તો કૉલેજ/યુનિવર્સિટીના નિયમો અને મેરિટના આધારે તે ઓફર ફરીથી મળવાની શક્યતા છે.

## 6 અપગ્રેડ/સ્લાઈડ વિકલ્પ:

જો વિદ્યાર્થીને કોઈ કૉલેજ/યુનિવર્સિટીમાંથી ઓફર મળે અને તે પ્રવેશ લે, પરંતુ તેને તેનાથી ઉચ્ચ પસંદગીની કૉલેજમાં જવું હોય, તો તેણે આગામી રાઉન્ડમાં જવા માટે પોર્ટલ પર ઓનલાઈન 'સંમતિ' (Consent) આપવી પડશે. જો સંમતિ આપવામાં નહીં આવે, તો વિદ્યાર્થી ઉચ્ચ પસંદગીઓ માટે આગળના રાઉન્ડમાં જઈ શકશે નહીં.

**AI Agent:** વિદ્યાર્થીઓની સરળતા માટે GCAS પોર્ટલ પર નવી 'AI એજન્ટ' સુવિધા!
હવે GCAS પોર્ટલ સાથે સંકળાયેલ કોઈપણ કોલેજ કે યુનિવર્સિટીની માહિતી, કટ-ઓફ અને અન્ય જરૂરી વિગતો કોલ કે ચેટબોટ મારફતે તરત જ મેળવો.

**વધુ માહિતી માટે નિયમિતપણે GCAS પોર્ટલની મુલાકાત લેતા રહો.**

**GCAS પોર્ટલ**
**gcas.gujgov.edu.in**

gcas__official

